# CBSE : ગણિતમાં 'ટાઇમ મેનેજમેન્ટ' બન્યું ચેલેન્જ

**CBSE** ધો.10ના સ્ટાન્ડર્ડ પેપરમાં કન્સેપ્ટ આધારિત પ્રશ્નો, બેઝિકમાં લાંબી ગણતરીઓએ સમય ગટગટાવ્યો




સુરતઃ CBSE દ્વારા લેવાયેલી ધોરણ-10ની ગણિત પરીક્ષાએ આ વખતે વિદ્યાર્થીઓ માટે સૌથી મોટો પાઠ 'સમય સંચાલન'નો આપી દીધો. પેપરનો સ્તર મોડરેટ હોવા છતાં અનેક વિદ્યાર્થીઓએ અંતિમ 20 મિનિટમાં ઉત્તરપત્રિકા પૂર્ણ કરવા હડકંપ અનુભવ્યો હતો.

સ્ટાન્ડર્ડ ગણિતના પેપરમાં MCQ વિભાગમાં આવેલા એસર્શન-રીઝન આધારિત પ્રશ્નો અને વર્તુળ પ્રકરણના 5 ગુણના સવાલોએ માત્ર રટણ નહીં, પરંતુ ગહન સમજ અને લોજિકલ થિંકિંગની માંગ કરી હતી. અનેક વિદ્યાર્થીઓએ જણાવ્યું કે પ્રશ્નો સીધા NCERT આધારિત હોવા છતાં તેમાં ટ્રિક સમજીને ઉત્તર આપવા પડ્યા. બીજી તરફ, બેઝિક ગણિતનું પેપર દેખાવમાં સરળ હતું, પરંતુ લાંબી ગણતરીઓને કારણે સમય વધુ લાગ્યો. ખાસ કરીને ગ્રાફ અને ડેટા ઇન્ટરપ્રિટેશન જેવા પ્રશ્નોમાં સ્ટેપ-બાય-સ્ટેપ ઉકેલ લખતા ઘણા વિદ્યાર્થીઓ સમયની દોડમાં પાછળ રહી ગયા. શિક્ષકોના મત મુજબ, આ પેપર વિદ્યાર્થીઓની વાસ્તવિક તૈયારી અને પ્રેક્ટિસનું પ્રતિબિંબ હતું. જેમણે સેમ્પલ પેપર અને અગાઉના વર્ષોના પ્રશ્નપત્રો પર પૂરતી પ્રેક્ટિસ કરી હતી, તેમને સમય સંચાલનમાં ફાયદો થયો. એકંદરે, આજની પરીક્ષાએ સ્પષ્ટ સંદેશ આપ્યો કે ગણિતમાં સફળતા માટે માત્ર ફોર્મ્યુલા યાદ રાખવા પૂરતું નથી. ઝડપ, ચોકસાઈ અને લોજિકલ અભિગમ હવે જીતની ચાવી બની રહ્યા છે.

# વિદેશના નંબરથી મ્યુ. કમિ.ની પ્રોફાઈલ બની ગઈ

**ચાર** વર્ષ પહેલા તત્કાલીન કમિશનર બંછાનિધિ પાનીના નામે પણ ઠગાઈનો પ્રયાસ થયો હતો




સુરત : સુરત મ્યુનિસિપલ કમિશનર તરીકે એમ. નાગરાજને હજુ થોડા દિવસો પહેલા જ ચાર્જ સંભાળ્યો છે. આ તકનો લાભ લઈને સાયબર ગુનેગારોએ તેમનો ફોટો એક વિદેશી મોબાઈલ નંબર (+84 562370432) પર પ્રોફાઈલ પિક્ચર તરીકે સેટ કર્યો છે. વિયેતનામનો કન્ટ્રી કોડ ધરાવતા આ નંબર પર કમિશનરના પ્રોફાઈલ પિક્ચરનો સ્ક્રીન શોર્ટ પાલિકાના વિવિધ ગ્રુપમાં વાઈરલ થયો છે.

જ્યારે આ નંબર અધિકારીઓના મોબાઈલમાં દેખાયો, ત્યારે શરૂઆતમાં ઘણા લોકો મૂંઝવણમાં મુકાયા હતા. જોકે, નંબર વિદેશનો હોવાથી અને તેની ભાષા શંકાસ્પદ હોવાથી કર્મચારીઓ તુરંત ચેતી ગયા હતા. પાલિકાના સત્તાવાર વોટ્સએપ ગ્રુપમાં આ નંબરનો સ્ક્રીનશોટ શેર કરીને તમામ કર્મચારીઓને સાવધ રહેવા અને આ નંબર પરથી આવતા મેસેજને અવગણવા તેમજ નંબર બ્લોક કરવા માટે તાકીદ કરવામાં આવી છે. અગાઉ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીના નામે પણ આ જ રીતે ઠગાઈનો પ્રયાસ થયો હતો. તે સમયે ઠગોએ કમિશનરના ફોટાવાળા નંબર પરથી પાલિકાના કર્મચારીઓ અને શહેરના અગ્રણીઓ પાસે એમેઝોન ગિફ્ટ વાઉચર અને રોકડ રકમની માંગણી કરી હતી.

# વાર્તા રે વાર્તા.. આજથી સુરત ડાયમંડ બુર્સ ધમધમતું થશે

**30 મોટા** વેપારીઓની ઓફિસો તેમજ 50 જેટલા મધ્યમવર્ગીય વેપારીઓ કેબિનથી હીરાનો કારોબાર શરૂ કરશે

**મહિધરપુરા** અને મિની બજારના વેપારીઓ પોતાનો વ્યાપાર SDB ખાતે શરૂ કરવા ઉત્સુક છેઃ લાલજીભાઈ પટેલ

સુરતઃ સુરત ડાયમંડ બુર્સ (SDB) મામલે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં મળેલી બેઠકમાં મહિધરપુરા અને મિની બજારના હીરાના મુખ્ય વેપારીઓએ ૬ જાન્યુઆરી-ફેબ્રુઆરી 2026 દરમિયાન સુરત ડાયમંડ બુર્સ (SDB) ખાતે શરૂ કરશે તેવું વચન આપ્યું હતું. આ વચનને પૂર્ણ કરતાં આવતીકાલે 18મી ફેબ્રુઆરીએ મહિધરપુરા અને મિની બજારના 30થી વધુ મોટા વેપારીઓ પોતાનો વ્યવસાયિક કારોબાર સુરત ડાયમંડ બુર્સ ખાતે શરૂ કરી રહ્યા છે. સાથે સાથે, મધ્યમ વર્ગના વેપારીઓ પણ 40થી 50 કેબિનમાં પોતાનો કારોબાર આવતીકાલથી શરૂ કરવા જઈ રહ્યા છે. સુરત ડાયમંડ બુર્સના વાઈસ ચેરમેન લાલજીભાઇ પટેલે જણાવ્યું હતું કે, વર્તમાન માહોલ અને વેપારીઓમાં જોવા મળતી સકારાત્મક ભાવના સ્પષ્ટ કરે છે કે, મહિધરપુરા અને મિની બજારના વેપારીઓ પોતાનો વેપાર SDB ખાતે શરૂ કરવા ઉત્સુક છે.

### દર દોઢ કલાકે ડાયમંડ બુર્સ જવા સિટી બસ મળી રહેશે

સુરત મહાનગર પાલિકા સંચાલિત સિટી લિંક બસ સેવા થકી સુરત ડાયમંડ બુર્સ સુધી નાના વેપારીઓ, બ્રોકરો આવી શકે એ માટે વરાછા મીની હીરા બજારથી દર દોઢ કલાકે બસ ઉપડશે અને પરત આવશે. એવી જ રીતે પાલ સંજીવકુમાર ઓડિટોરિયમ અને કતારગામ BRTSથી ડ્રીમ સિટી બસ અવરજવર કરશે. પિક અપ અને ડ્રોપ અપ લોકેશનમાં સુરત રેલવે સ્ટેશન, મજૂરાગેટ, રૂપાલી જંક્શન, સંજીવની સર્કલ, સોહમ સર્કલ, સરસાણા, કતારગામ BRT બસ સ્ટેન્ડ, મીની હીરા ગોધાણી સર્કલ, કિરણ સર્જિકલ હોસ્પિટલ, લીલાબા સ્કૂલ, અમિષા હોટેલ, સંજીવકુમાર ઓડિટોરિયમ, ગુજરાત ગેસ સર્કલ, અઠવા ગેટ અને સુરત ડાયમંડ બુર્સનો સમાવેશ થાય છે.

# બે કલાકમાં સફેદ LED લાઈટવાળાં 60 વાહન પકડાયાં

**માન દરવાજા** વિસ્તારમાં યોજાયેલી ડ્રાઈવમાં કાર્યવાહી

સુરતઃ નાયબ પોલીસ કમિશનર ટ્રાફિક પન્ના મોમાયા, ટ્રાફિક રીજીયન-02ના ACP વી.પી. ગામીત તથા સર્કલ-05ના aપીઆઇ પી.જે. સોલંકી દ્વારા RTO અધિકારીઓ સાથે સંકલન કરી માનદરવાજા વિસ્તારમાં સાંજે 19:00 થી 21:00 વાગ્યા દરમિયાન વિશેષ ચેકિંગ ડ્રાઈવ યોજાઈ હતી. બે કલાક ચાલેલી આ કામગીરી દરમિયાન અનઅધિકૃત રીતે તેજસ્વી સફેદ LED લાઈટ લગાવેલા લગભગ 60 જેટલા વાહનો પકડાયા હતા. ચેકિંગ દરમિયાન નિયમભંગ કરતાં વાહનચાલકો સામે કાયદેસર દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. સાથે જ વાહનચાલકોને નિયમ મુજબની હેડલાઈટ જ ઉપયોગમાં લેવાની અને ભવિષ્યમાં આવી ગેરકાયદે લાઈટ ન લગાવવા કડક ચેતવણી આપવામાં આવી હતી. ટ્રાફિક પોલીસ દ્વારા જણાવાયું હતું કે, આવી ડ્રાઈવો આગળ પણ શહેરના વિવિધ વિસ્તારોમાં ચાલુ રહેશે. ટ્રાફિક વિભાગે નાગરિકોને અપીલ કરી છે કે, થોડા દેખાવ અને સ્ટાઈલ માટે લગાડવામાં આવતી તેજસ્વી LED લાઈટો અન્ય વાહનચાલકોના જીવ માટે જોખમરૂપ બની શકે છે. નિયમોનું પાલન કરવું દરેકની જવાબદારી છે અને માર્ગ સુરક્ષા માટે સહકાર આપવો જરૂરી છે.

# ગોટીના બંગલામાંથી ટોર્ચર રૂમ મળ્યો

**કતારગામ** રાધેશ્યામ સોસાયટીના બંગલામાં થર્ડ ડિગ્રી જેવી ટ્રીટમેન્ટ અપાતી હતી

**પાર્કિંગની** બરોબર બાજુમાં જ, ગાડીમાંથી ઉતારીને વ્યક્તિને સીધો જ ટોર્ચર રૂમમાં લઈ જઈ શકાય

સુરતઃ કતારગામમાં આતંક ફેલાવનારા ચિરાગ ઉર્ફે 'ગોટી'ના ભવ્ય બંગલામાંથી અમાનુષી અત્યાચાર માટે બનાવાયેલા ખાસ રૂમનો ભેદ ખુલતા પોલીસ તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે રાધેશ્યામ સોસાયટીમાં ચિરાગ ગોટી દ્વારા તેના ભવ્ય બંગલામાં જ અમાનુષી અત્યાચારનું કેન્દ્ર ચલાવવામાં આવતું હતું. બંગલો બહારથી આલીશાન અને સુસજ્જ દેખાતો હોવા છતાં અંદરનું દૃશ્ય ભયાનક છે. ગ્રાઉન્ડ ફ્લોર પર પાર્કિંગની બાજુમાં ખાસ એક રૂમ તૈયાર કરવામાં આવ્યો હતો. આ રૂમ 'ટોર્ચર રૂમ' તરીકે ઉપયોગમાં લેવાતો હતો. પાર્કિંગ નજીક હોવાને કારણે કોઈપણ વ્યક્તિને સીધા વાહનમાંથી ઉતારી રૂમમાં લઈ જવી સરળ રહેતી હતી.

તપાસમાં ખુલ્યું છે કે અહીં ગેંગ દ્વારા લોકોને બોલાવી ધમકી આપી ખંડણી વસૂલાતી હતી. જો કોઈ રકમ આપવા તૈયાર ન થાય તો તેને મારપીટ કરી ત્રાસ અપાતો હતો. પોલીસને મળેલી પ્રાથમિક વિગતો મુજબ, અહીં થર્ડ ડિગ્રી જેવા અત્યાચાર પણ કરવામાં આવતા હતા, જેથી ભોગ બનનાર વ્યક્તિ ડરના માર્યા તમામ શરતો સ્વીકારી લે. છેલ્લા નવ દિવસમાં ચિરાગ સામે પાંચ ગંભીર ગુનાઓ નોંધાયા છે. પોલીસ દ્વારા બંગલામાંથી મળેલા પુરાવાઓ, રૂમની રચના અને ત્યાંની વ્યવસ્થા અંગે ફોરેન્સિક તપાસ પણ હાથ ધરાઈ છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, વધુ પીડિતો સામે આવે તેવી શક્યતા છે. ગેંગના અન્ય સભ્યોની શોધખોળ કરવામાં આવી રહી છે.

### આલિશાન બંગલો જાણે નજરકેદ, ચારે બાજુ હાઈ-ટેક સીસીટીવી

ચિરાગ ગોટીએ પોતાના ગુનાહિત અડ્ડાને સુરક્ષિત રાખવા બંગલાની ચારે બાજુ હાઈ-ટેક સીસીટીવી કેમેરાની જાળ બિછાવી હતી. બંગલામાં પ્રવેશતા અને બહાર નીકળતા દરેક વ્યક્તિ પર સતત નજર રાખવામાં આવતી હતી. ખાસ કરીને જે રૂમમાં અમાનુષી ત્રાસ આપવામાં આવતો હતો, તેની બહાર પણ કડક મોનિટરિંગ ગોઠવાયું હતું, જેથી કોઈ પુરાવો બહાર ન જાય અને પોલીસ સુધી હકીકત ન પહોંચે.

### નાનો ગોટી પોલીસની પકડથી દૂર, ફરાર જાહેર કરાયો

\પ્રાથમિક તપાસના આધારે ચિરાગના પિતા ઘનશ્યામ ગોટીની ધરપકડ કરવામાં આવી હોવાનું સૂત્રો જણાવે છે. બીજી તરફ, ચિરાગનો નાનો ભાઈ હજુ પોલીસ પકડથી દૂર છે અને તેને ફરાર જાહેર કરવામાં આવ્યો છે. પોલીસની અલગ-અલગ ટીમો સંભવિત ઠેકાણાઓ પર દરોડા પાડી રહી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, ટૂંક સમયમાં વધુ મહત્વપૂર્ણ ધરપકડો થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

# ડિજિટલ એરેસ્ટના નામે 60 લાખની ઠગાઈમાં વધુ એક ઝડપાયો

**60 લાખ** પડાવ્યા હતા, IDBI ખાતા મારફતે 24.81 લાખના ટ્રાન્ઝેક્શન, પાંચ રાજ્યોમાં ફરિયાદો

સુરતઃ શહેરમાં ડિજિટલ એરેસ્ટના નામે 60,14,885 રૂપિયાની ઠગાઈના ચકચારભર્યા કેસમાં નાસતા ફરતા આરોપીને સાયબર ક્રાઈમ સેલે ઝડપી પાડ્યો છે. આરોપીઓએ "નેશનલ પાર્સલ" તથા "મુંબઈ સાયબર ક્રાઈમ"ના અધિકારી તરીકે ખોટી ઓળખ આપી ફરિયાદી અને તેમના કૌટુંબિક ભાઈને મની લોન્ડરિંગ કેસમાં ફસાયેલા હોવાનું કહી ડરાવ્યો હતો.

આધારકાર્ડ અને પાનકાર્ડની વિગતો મેળવી 'એરેસ્ટ' કરવાની ધમકી આપી બંનેને ડિજિટલ એરેસ્ટમાં રાખી બેંક એકાઉન્ટની માહિતી મેળવવામાં આવી હતી. પછી "RBIમાં એન્ટ્રી વેરિફાય" કરવાની વાત કરી RTGS મારફતે 60,14,885 રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લેવાયા હતા. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદના આધારે તા. 14/12/2025ના રોજ આઈટી એક્ટની કલમ 66(સી) અને 66(ડી) હેઠળ ગુનો નોંધાયો હતો. તપાસ દરમિયાન અગાઉ એક આરોપીની ધરપકડ થઈ ચૂકી હતી.

તપાસમાં ખુલ્યું કે આરોપીએ અગાઉ ઝડપાયેલા સાગરીતના IDBI બેંક એકાઉન્ટને 6,000 રૂપિયાના કમિશન પર મેળવી અન્ય ફરાર સાગરીતોને સાયબર ફ્રોડ માટે આપ્યું હતું. આ ખાતામાં કુલ 24,81,960 રૂપિયાના ટ્રાન્ઝેક્શન થયા હોવાનું સામે આવ્યું છે. SAMANVAYA પોર્ટલ પર ચકાસણી કરતાં વિવિધ રાજ્યોમાં પાંચ ફરિયાદ નોંધાયેલી હોવાનું પણ બહાર આવ્યું છે. આરોપીને નામદાર કોર્ટમાં રજૂ કરતાં બે દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કરાયા છે. સાયબર સેલ હવે અન્ય સંડોવાયેલા નેટવર્ક સુધી પહોંચવા વધુ તપાસ આગળ ધપાવી રહી છે

### આરોપીની ભૂમિકા

પ્રતિક સતીશ માતાપ્રસાદ શુક્લા (ઉ.વ.૨૨, ધો.૧૨ પાસ, હાલ કાપડ ડિજિટલ ડિઝાઇનિંગ કાર્યરત, રહે., ૮૧, સાઇ મોહન-૪, વડોદ પોલીસ ચોકી પાસે, ભેસ્તાન, સુરત, મૂળ ગામ ચુરીયારી, જિ.છત્તરપુર (મધ્યપ્રદેશ); સાયબર ફ્રોડમાં IDBI બેંક ખાતું રૂ.૬,૦૦૦ કમિશન પર મેળવી ઉપયોગ માટે આપ્યાનો આરોપ છે.

## સુરત આસપાસનાં ગામોમાં હોળી માટે છાણાં સૂકવવાના શરૂ



■ આગામી દિવસોમાં હોળીનો તહેવાર આવી રહ્યો છે. આ દિવસે દરેક ગામ અને શેરી મહોલ્લામાં હોલિકા દહનની પરંપરા છે. જેના માટે મોટા પાયે છાણાની જરૂર પડતી હોવાથી અત્યારથી જ તેને સુકવવાની શરુઆત સુરતની આસપાસના ગામોમાં શરુ થઇ ગઇ છે. **(તસવીર : હેમંત ડેરે)**

# સુરતમાં 'ડોગ બાઈટ' પછી 'કેટ બાઈટ'ના કેસમાં વધારો

**સુરતમાં** હવે બિલાડીઓનો ત્રાસ! અઠવાડિયામાં માંડ બે ત્રણ કેસ આવતા હવે રોજના થવા લાગ્યા

સુરત : ડોગ બાઈટના કેસોએ સુરતના લોકોને પરેશાન કર્યા બાદ હવે બિલાડીઓએ પણ આતંક મચાવ્યો છે. શહેરમાં રખડતી બિલાડીઓના કરડવાના કેસોમાં વધારો થયો છે. જ્યાં અગાઉ અઠવાડિયામાં માંડ બે-ત્રણ કેસ આવતા હતા, ત્યાં હવે રોજ સરેરાશ ચાર કેસ નોંધાઈ રહ્યા છે.

આરોગ્ય નિષ્ણાતોના મતે બિલાડીના કરડવાથી રેબિઝનું જોખમ ખૂબ જ વધારે હોય છે. બિલાડી દ્વારા ફેલાતું રેબિઝ વાયરસ ખૂબ જ ઝડપથી શરીરમાં ફેલાઈ શકે છે, તેથી કરડ્યા બાદ તાત્કાલિક એન્ટી-રેબિઝ વેક્સિન અને જરૂરી સારવાર લેવી અત્યંત જરૂરી છે. વિલંબ થાય તો જીવલેણ સાબિત થઈ શકે છે. વધારાનું મુખ્ય કારણ શહેરમાં વધતી જતી રખડતી બિલાડીઓની સંખ્યા અને તેમની આક્રમક વર્તણૂક છે.

### ઉધનામાં 27 વર્ષીય યુવતીને હાથમાં કરડી લેતા સારવાર લેવી પડી

ઉધના પટેલનગર પાસે 27 વર્ષીય નગમા સલમાન ખાનને એક બિલાડીએ તેના જમણા હાથમા કરડી લીધું હતું. જેથી તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે આવવું પડ્યું હતું. જ્યાં તેને રેબીઝની સારવાર આપવામાં આવી હતી. તેમજ અન્ય ડોઝ માટે જે-તે દિવસે તેને હોસ્પિટલમાં આવવું પડશે.

### પાંડેસરાના યુવકને બિલાડીએ પગમાં પંજો માર્યો

મૂળ ઉત્તરપ્રદેશના વતની રામ મોહન કુશવાહ (41 વર્ષ) હાલ પાંડેસરા પોલીસ કોલોનીમાં રહે છે. તેઓ નાનપુરામાંથી ચીકન લઇને પરત ફરી રહ્યાં હતાં ત્યારે બિલાડીએ તેના ડાબા પગની એડી પર પંજો મારતા સિવિલમાં સારવાર લેવી પડી હતી.

### વેસુમાં એપાર્ટમેન્ટના બાથરૂમમાં યુવક ફસાયો

સુરતઃ વેસુ વી.આઇ.પી. રોડ સ્થિત વાઇલ્ડ ફ્લેયર બિલ્ડિંગમાં રહેતાં 42 વર્ષીય અંક્તિ અગ્રવાલ ઘરમાં બાથરૂમમાં ગયા હતા. ત્યારે બાથરૂમમાં એકાએક લોક બગડી જતાં તેઓ અંદર ફસાઇ ગયા હતા. તેમણે બૂમાબૂમ કરતાં તેના પરિવારના સભ્યોએ દરવાજો ઉઘાડવાના પ્રયાસો કર્યા હતા. જો કે, તે નહીં ખૂલતાં ફાયર બ્રિગેડને જાણ કરાઈ હતી. કોલ મળતાં ફાયર જવાનોએ ત્યાં પહોંચી દરવાજાનું લોક સ્પ્રેડપ ટૂલ્સ વડે ખોલી તેમને બહાર કાઢતાં પરિવારજનોએ હાશકારો અનુભવ્યો હોવાનું ફાયર ઓફિસરે જણાવ્યું હતું.

# માતા-પુત્રના આપઘાત કેસમાં પૂર્વ પતિ સામે ગુનો

સુરતઃ ઉમરાગામ સ્થિત પાસપોર્ટ ઓફિસ નજીક નિર્મળનગરમાં રહેલી 26 વર્ષીય પુનમ સંતોષ તાયડે દ્વારા પોતાના ચાર વર્ષીય પુત્ર શિવાયને દુપટ્ટાથી ફાંસો આપી બાદમાં પોતે પણ આપઘાત કરી લીધો હતો. મૃતકના ભાઈ સોપાન તાયડેએ કરેલી ફરિયાદના આધારે પોલીસે પુનમના પૂર્વ પતિ કરણ જયેશ શાહ, સાસુ કૈલાશબેન જયેશભાઈ શાહ તથા નણંદો હિરલ જયેશભાઈ શાહ અને ઉમંગ (તમામ રહે. શાહપુર, અમદાવાદ) સામે ગુનો દાખલ કર્યો છે. ત્રણ વર્ષ અગાઉ મેરેજ બ્યુરો મારફતે થયેલા લગ્ન બાદ દંપતી વચ્ચે મતભેદ ઊભા થતા છૂટાછેડા થઈ ગયા હતા સતત અપમાન અને ત્રાસના કારણે તે માનસિક દબાણમાં હતી અને અંતે આ કડક પગલું ભરવા મજબૂર બની હતી.

# ઉત્તરના પવનના પગલે મહત્તમ તાપમાન 3.1 ડિગ્રી ઘટી 30.9

**જો કે** ભેજનું પ્રમાણ વધુ રહેતાં ગરમી, ઉકળાટ અનુભવાયા, લઘુત્તમ તાપમાન 1.4 ડિગ્રી વધતાં ઠંડક ઘટી

સુરતઃ સુરત શહેરમાં વાતાવરણમાં ફેરફાર વચ્ચે આજે મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. જો કે ગરમીનો અહેસાસ યથાવત રહ્યો છે.

હવામાન વિભાગના આંકડા મુજબ મહત્તમ તાપમાન ૩.૧ ડિગ્રી ઘટીને ૩૦.૯ ડિગ્રી નોંધાયું હતું. જો કે લઘુત્તમ તાપમાનમાં ૧.૪ ડિગ્રીનો વધારો થતાં તે ૧૯.૨ ડિગ્રી પર પહોંચ્યું હતું. શહેરમાં હવામાં ૬૬ ટકા ભેજ નોંધાયો હતો અને આશરે ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉત્તર દિશાનો પવન ફૂંકાયો હતો. સતત ત્રીજા દિવસે ઉત્તરનો પવન ફૂંકાતા તાપમાનમાં થોડો ઘટાડો થયો હોવા છતાં ભેજના વધેલા પ્રમાણને કારણે ઉકળાટનો માહોલ યથાવત રહ્યો હતો. ખાસ કરીને બપોરના સમયે સૂર્યપ્રકાશ તીવ્ર ન હોવા છતાં ભેજના કારણે ગરમી વધુ અનુભવાઈ હતી. લોકોમાં ઘમોરા અને અસ્વસ્થતાની લાગણી જોવા મળી હતી. સવાર અને સાંજના સમયે હળવો પવન રાહતરૂપ બન્યો હતો, પરંતુ બપોર દરમિયાન ગરમીનો અહેસાસ ઓછો થયો નહોતો. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં પણ ઉત્તર દિશાનો પવન ચાલુ રહેવાની શક્યતા છે, જેના કારણે તાપમાનમાં નાનો ફેરફાર થઈ શકે છે. જો કે ભેજનું પ્રમાણ ઊંચું રહેતાં ગરમીનો અહેસાસ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# 11 વર્ષની બાળકી ટ્રેનમાં ચઢી ગઈ, માતા રહી ગઈ

**ટિકિટ** ચેકરે ભરૂચ જાણ કરી અને બાળકીને RPFને સોંપી

સુરતઃ ભીડના કારણે સુરતથી 11 વર્ષની બાળા ટ્રેનમાં ચઢી ગઈ હતી, પરંતુ તેની માતા સુરત રેલવે સ્ટેશને જ રહી ગઈ હતી. માતા સાથે આ બાળાનું ભરૂચ સ્ટેશન પર મિલન કરાવવામાં આવ્યું હતું.

મળતી વિગતો મુજબ, ટ્રેન નંબર ૨૨૯૧૫ સુરત સ્ટેશનેથી રવાના થઈ રહી હતી ત્યારે ભારે ભીડને કારણે 11 વર્ષની બાળકી ટ્રેનમાં ચઢી ગઈ હતી, પરંતુ તેની માતા પ્લેટફોર્મ પર જ રહી ગઈ હતી. કોચ S-1માં બાળકી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી હતી. આ જોઇને મુંબઈ સેન્ટ્રલના સીનિયર CC (TC) ચંદન કુમાર દાસ ટ્રેનમાં ટિકિટ ચેકિંગ કરી રહ્યા હતા તેમને ઘટના જાણવા મળતા વડોદરા કોમર્શિયલ કંટ્રોલરને આ અંગે વાકેફ કર્યા હતા. રેલવે તંત્ર દ્વારા ત્વરિત કાર્યવાહી કરતા ભરૂચ સ્ટેશન પર RPF (રેલવે પ્રોટેક્શન ફોર્સ)ને એલર્ટ કરવામાં આવી હતી. જેવી ટ્રેન ભરૂચ પહોંચી કે તુરંત જ બાળકીને સુરક્ષિત રીતે પોલીસને સોંપવામાં આવી હતી.

બીજી તરફ સુરત સ્ટેશન પર હાજર તેની માતાને પણ જાણ કરવામાં આવી હતી. થોડા કલાકોના તણાવ બાદ ભરૂચ સ્ટેશને જ્યારે માતા-પુત્રી એકબીજાને ભેટ્યા ત્યારે સ્ટેશન પર હાજર સૌ કોઈની આંખો હરખથી છલકાઈ ગઈ હતી.

# સરકારી જગ્યા પર દુકાન બાંધી 15 લાખ વસૂલી લીધા

**નાનપુરાના** વલી મોહંમદ હુસેન સૈયદ સામે સરકારી જમીન પર દબાણ અંગે ગુનો નોંધાયો

સુરતઃ નાનપુરા જહાંગીર હાઉસ, કબ્રસ્તાનની ગલીમાં રહેતા 48 વર્ષીય વેપારી ઈરફાનભાઈ સત્તારભાઈ મેમણ સાથે દુકાન ભાડે આપવાના બહાને છેતરપિંડી થયાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. ફરિયાદ મુજબ નાનપુરા માર્કેટ વિસ્તારમાં રહેતા વલી ઉર્ફે વલી મોહમ્મદ હુસેન સૈયદે સરકારી જમીન પર ગેરકાયદે દુકાન બાંધી ભાડે આપી લાખો રૂપિયાનું ભાડું વસૂલ્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આરોપીએ 22/01/2026 પહેલા કોઈપણ સમયથી 16/02/2026 રાત્રે 9:30 વાગ્યા સુધી નાનપુરાના દોટીવાલા બેકરીની ગલીમાં, ફાતેમા કબ્રસ્તાનની દીવાલને અડીને સરકારી જમીન પર પતરાની છત તથા પાકી દીવાલવાળી દુકાનનું બાંધકામ કર્યું હતું. બાદમાં તે દુકાન ઈરફાનભાઈને ભાડે આપી દબાણ કરાયેલી સરકારી જગ્યાનો ગેરલાભ લીધો હતો. ફરિયાદમાં ઉલ્લેખાયું છે કે આરોપીએ આજદિન સુધી અંદાજે કુલ 15,00,000 રૂપિયા જેટલું ભાડું વસૂલ્યું છે. બાદમાં જમીન સરકારી હોવાની હકીકત સામે આવતા વેપારીએ પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું ભાન થતાં પોલીસનો દરવાજો ખખડાવ્યો હતો. અઠવાલાઈન્સ પોલીસે પ્રાથમિક તપાસ બાદ આરોપી વલી હુસેન સૈયદ વિરુદ્ધ છેતરપિંડી અને સરકારી જમીન પર ગેરકાયદે દબાણ સંબંધિત ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પરિણીતાના આત્મહત્યા કેસમાં સાસુ-નણંદના જામીન નામંજૂર

સુરતઃ પરિણીતાના આત્મહત્યા કેસમાં સાસરીયા સામે નોંધાયેલા કેસમાં સેશન્સ કોર્ટે સાસુ-નણંદની જામીન અરજી ફગાવી દીધી હતી. વરાછા પોલીસ સ્ટેશને નોંધાયેલી ફરિયાદમાં મૃતકની બહેને આક્ષેપ કર્યો હતો કે મૃતકના આરોપી નણંદના પતિ સાથે પ્રેમસંબંધ હોવાનું કહીને અને તેણી તેના પિતાના ઘરેથી કંઈ લાવ્યા ન હોવાનો આરોપ લગાવીને સાસરિયાં શારિરીક-માનસિક ત્રાસ ગુજારતા હોવાથી ફરિયાદીની બહેને આત્મહત્યા કરી હતી. આ કેસમાં આરોપી સંગીતાબેન મોહનભાઈ વાગાણી, ગૌરીબેન મોહનભાઈ વાગાણીએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ એન.કે. ગોળવાલાએ જામીનઅરજીનો વિરોધ કર્યો હતો. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની જામીનઅરજી નામંજૂર કરી હતી.